# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/070 Dt. 26/08/2024

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સુરતની સંયુક્ત ચેરીટી કમિશનર કચેરીમાં કાયમી સંયુક્ત ચેરીટી કમિશનરની તાત્કાલિક ધોરણે નિમણૂંક કરવા SGCCIની ગુજરાત રાજ્યના કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલને રજૂઆત

## સવા વર્ષ પહેલાં સુનાવણી પૂર્ણ થઈ ગયા બાદ અંદાજિત ૨૦૦ જેટલા કેસ ઓર્ડર પર છે, પરંતુ જૂન મહિનામાં શ્રી આર. ટી. પંડયા નિવૃત્ત થતાં આ કામો સંદર્ભે હુકમ કરાયા ન હોવાથી કાયદા મંત્રીને રજૂઆત કરાઇ : ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરતની સંયુકત ચેરિટી કમિશનર કચેરીમાં કાયમી ધોરણે સંયુકત ચેરિટી કમિશનરની નિમણૂંક કરવા માટે ગુજરાતના કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, તા. ૯મી જૂન, ૨૦૨૩ના રોજ સુરતના તત્કાલિન સંયુકત ચેરીટી કમિશનર શ્રી આર. ટી. પંડયા નિવૃત્ત થયા બાદ અમદાવાદ ખાતેના સંયુકત ચેરીટી કમિશનર શ્રી આર. વી. વ્યાસની ઈન્ચાર્જ સંયુક્ત ચેરીટી કમિશનર તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. તેઓની પાસે હાલમાં સુરત, અમદાવાદ, મહેસાણાની સંયુકત ચેરીટી કમિશનર કચેરીઓનો ચાર્જ છે અને તેઓ તમામ પ્રયાસો કરવા છતાં પણ સુરતની સંયુક્ત ચેરીટી કમિશનર કચેરીમાં યોગ્ય સમય આપી શકતા નથી.

સુરતની સંયુક્ત ચેરીટી કમિશનર કચેરી દક્ષિણ ગુજરાતમાં આવેલા તમામ જિલ્લાઓ જેવા કે, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગમાં આવેલા ૩૦,૦૦૦ જેટલા ટ્રસ્ટોની વહિવટી જવાબદારી સંયુક્ત ચેરીટી કમિશનરના તાબા હેઠળ આવે છે, પરંતુ કાયમી નિયુક્તિ ન હોવાના કારણે છેલ્લા સવા વર્ષથી આ કચેરીઓના મહત્વના કામો પેન્ડીંગ રહયા છે અને તે અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

કાયદા મંત્રીને કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, સવા વર્ષ પહેલાં સુનાવણી પૂર્ણ થઈ ગયા બાદ અંદાજિત ૨૦૦ જેટલા કેસ ઓર્ડર પર છે, પરંતુ જૂન મહિનામાં શ્રી આર. ટી. પંડયા નિવૃત્ત થતાં આ કામો સંદર્ભે હુકમ કરવામાં આવ્યા નથી. હવે હુકમો નહીં થવાને કારણે સ્થિતિ ગંભીર બને તે પહેલા સુરતની સંયુક્ત ચેરીટી કમિશનર કચેરીમાં કાયમી સંયુક્ત ચેરીટી કમિશનરની તાત્કાલિક ધોરણે નિમણૂંક કરવામાં આવે એવી વિનંતિ કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલને કરવામાં આવી છે.